# એકમ-8 મૂડીવાદ અને સરકારનો હસ્તક્ષેપનું અસ્તિત્વ

-: રૂપરેખા :-

**8.1** પ્રસ્તાવના

**8.2** મૂડીવાદની વ્યાખ્યાઓ

**8.3** મૂડીવાદી આર્થિક પદ્ધતિના લક્ષણો

**8.4** મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ

**8.5** મૂડીવાદી આર્થિક પદ્ધતિના ગેરલાભ

**8.6** આર્થિક પદ્ધતિઓ

**8.7** મૂડીવાદમાં સરકારનો હસ્તક્ષેપ

**8.8** અર્થતંત્રમાં રાજ્યનો વધુ પડતો હસ્તક્ષેપ

**8.9** મૂડીવાદમાં રાજ્યના હસ્તક્ષેપ બાબતે અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય

**8.10** પ્રો. એડમ સ્મિથ

**8.11** અન્ય અર્થશાસ્ત્રીઓ

**8.12** સમીક્ષા

**8.13** Capitalism

## 8.1 પ્રસ્તાવના

કોઈપણ દેશના અર્થતંત્રને ચલાવવાની પદ્ધતિને આર્થિક પદ્ધતિ કહેવામાં આવે છે. વિશ્વમાં 18મી સદીના ઉતરાર્ધમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ તે પહેલાં વિશ્વના બધા દેશોમાં વ્યવહારિક રીતે બજારતંત્ર ઉપર આધારિત આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં હતી. બજારતંત્ર આધારિત પદ્ધતિને મુક્ત અર્થતંત્ર અથવા મૂડીવાદી આર્થિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિ માનવીની આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ત્યારથી કુદરતી રીતે વિકસેલી પદ્ધતિ છે. આમ, મૂડીવાદી પદ્ધતિ એ વિશ્વમાં સૌથી જૂની, કુદરતી તથા બહુ વ્યાપક એવી આર્થિક પદ્ધતિ છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિ એટલે કે Capitalism એ શબ્દ પ્રયોગ વિશેષ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી વધુ પ્રચલનમાં આવ્યો છે. મૂડીવાદી પદ્ધતિ એ એવી અર્થવ્યવસ્થા છે કે જેમાં બધી ક્રિયા પ્રક્રિયાઓ આપોઆપ થતી રહે છે. તેથી જ મૂડીવાદી અર્થવ્યવસ્થાને સ્વયં સંચાલિત અર્થવ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. મૂડીવાદમાં ભાવપ્રક્રિયા એક એવી ધરી છે કે મૂડીવાદની બધી ક્રિયા પ્રક્રિયાઓના સ્વયં સંચાલનનું કાર્ય કરે છે. ભાવપ્રક્રિયા એક એવું લોહચુંબકીય સુદર્શનચક્ર છે કે જેની આજુબાજુ સમગ્ર મૂડીવાદ ઘૂમ્યા કરે છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિ એટલે રાજ્યની કોઈ વિશેષ રાજ્યની દખલગીરી કે રાજ્ય દ્વારા પ્રેરિત આર્થિક પ્રવૃત્તિઓ વિના માત્ર બજારના નિર્દેશો (ડાયરેક્ટરો)ને આધારિત ઉત્પાદનના સાધનોનો વિવિધ ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં રોકાણ ઉત્પાદન, વિનિમય અને વહેંચણી અંગેના નિર્ણયો રાજ્યના કોઈ જ હસ્તક્ષેપ વિના લેવાય અને તે અનુસાર આર્થિક પ્રવૃત્તિઓ ચાલતી હોય તેવું અર્થતંત્ર.

મૂડીવાદી અર્થતંત્ર સિવાય સમાજવાદી આર્થિક વ્યવસ્થા સંદર્ભે ઈ.સ. પૂર્વેના સમયમાં ગ્રીસમાં કેટલાંક (પ્લેટો) ફિલોસોફરો, વિચારકો અને તત્ત્વચિંતકોએ સમાજવાદી વિચારો

રજૂ કર્યા હતા. જેમાં આર્થિક પ્રવૃત્તિઓના સંચાલનમાં રાજ્યની દખલગીરી એટલે કે રાજ્યના હસ્તક્ષેપની જરૂરિયાત દર્શાવાઈ હતી. આ પછી મધ્યયુગમાં યુટોપિયા નામથી પ્રચલિત એવા કાલ્પનિક સમાજવાદના વિચારો વ્યક્ત થયા હતા. ઔદ્યોગિક ક્રાંતિ પછી કેટલાંક યુરોપીય વિચારકો જેવાં કે રોબર્ટ ઓવન, બારબારા વુટન વગેરેએ લોકશાહી સમાજવાદી વ્યવસ્થાના વિચારો રજૂ કર્યા હતા. કાર્લ માર્ક્સ અને એન્જલે ઇ.સ. 1848માં સમાજવાદી વિચારોને વધુ વૈજ્ઞાનિક રીતે 'દાસ કેપિટલ' પુસ્તકમાં રજૂ કર્યા અને તેના આધારે ઇ.સ. 1917માં રશિયામાં બોલ્શેવિક ક્રાંતિ વડે સમાજવાદી વ્યવસ્થા અથવા સમાજવાદી આર્થિક પદ્ધતિની શરૂઆત થઈ. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અને તે પછી પૂર્વ યરોપના દેશો તથા ક્યુબા, ચીન, ઉત્તર કોરિયા વગેરેમાં સમાજવાદી આર્થિક વ્યવસ્થાનો વિસ્તાર થયો. બીજા વિશ્વયુદ્ધ પછી ઇંગ્લૅન્ડમાં રાષ્ટ્રીયકરણ અને રાજ્યના નિયંત્રણોની નીતિ વડે મિશ્ર આર્થિક પદ્ધતિ શરૂ થઈ અને નવા સ્વતંત્ર થયેલાં કેટલાંક અલ્પવિકસિત દેશોમાં પણ મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ છે, મૂડીવાદી આર્થિક પદ્ધતિ, સમાજવાદી આર્થિક પદ્ધતિ અને મિશ્ર આર્થિક પદ્ધતિ. આ મુખ્ય આર્થિક પદ્ધતિઓ પૈકી મૂડીવાદી આર્થિક પદ્ધતિ વધુ સફળ થવા પામી છે અને વિશ્વના મોટા ભાગના દેશોમાં તેનો સ્વીકાર થવા પામ્યો છે.

ઔદ્યોગિક ક્રાંતિ પછી ફ્રાંસમાં લૂઈ 14માંના શાસનમાં તેના અધિકારીએ ફ્રાંસના વ્યવસાયિકોને રાજ્ય દ્વારા મદદ કરવા સંદર્ભે પૂછવામાં આવ્યું ત્યારે વ્યાવસાયિકોએ જણાવ્યું હતું કે "અમને અમારા ઉપર છોડી દો, અમને રાજ્યની કોઈ મદદ કે દખલની જરૂર નથી." ફ્રાંસના પ્રકૃતિવાદીઓ (ફિઝિયોક્રેટ્સ)ની વિચારસરણી એક તરફ કૃષિને મહત્ત્વ આપવાની હતી તો બીજી તરફ ધંધા-ઉદ્યોગક્ષેત્રે લેઝેફેર (Lassez Fair) નીતિમાં માનતા હતા. એટલે કે મુક્ત અર્થતંત્ર એ તેમનો (ફિઝિયોક્રેટ્સ) આદર્શ હતો. ઇંગ્લૅન્ડમાં ઇ.સ. 1773માં એડમ સ્મિથે "Nature and Causes of Wealth of Nations" પુસ્તકમાં મુક્ત અર્થતંત્રની હિમાયત કરી હતી. જેમાં ખાનગી મૂડી તથા ખાનગી વ્યવસાયિકોને આર્થિક પ્રવૃત્તિઓ કરવા અંગે પૂર્ણ છૂટ, નફો અને આવકો કમાવવાની સ્વતંત્રતા, મુક્ત હરીફાઈ અને રાજ્યની દખલનો અભાવ તથા બજારતંત્ર આધારિત નિર્ણયોની હિમાયત કરી હતી. આમ, ઔદ્યોગિક ક્રાંતિ પછીના સમયમાં 18મી સદીના ઉત્તરાર્ધમાં ઇંગલૅન્ડ અને ફ્રાંસમાં આધુનિક મૂડીવાદી આર્થિક પદ્ધતિની જોરદાર હિમાયત કરવામાં આવી હતી. આ મૂડીવાદી વ્યવસ્થામાં આર્થિક નિર્ણયો બજારતંત્ર દ્વારા જ લેવાય છે અને તેમાં સામાન્ય સંજોગોમાં રાજ્ય દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવતો નથી.

## 8.2 મૂડીવાદની વ્યાખ્યાઓ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિ ઉત્પાદનની વહેંચણી પોતાની રીતે જ કરી છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી તેનો પ્રાણ છે. યંત્ર-ઉદ્યોગ અને નવી ટેક્નોલૉજી તેનો આધાર છે. આર્થિક વિકાસ અને વિસ્તાર વડે નફો કમાવવો તેનો મુખ્ય હેતુ છે. બહુજનના સુખ માટે તીવ્ર હરીફાઈ તેનું ચાલક તત્ત્વ કે બળ છે. નિરંકુશ ભાવનિર્ધારણ તેનું ચોકઠું છે. મૂડીવાદી આર્થિક વ્યવસ્થાને પોતાની એક આગવી વિશિષ્ટ ફિલસૂફી છે. ટૂંકમાં મૂડીવાદ એ આર્થિક સંગઠનની એક એવી પદ્ધતિ છે. જેમાં માનવીએ રચેલી અને કુદરતે સર્જેલી મૂડીની માલિકી ખાનગી હોય છે અને તેનો ઉપયોગ ખાનગી નફાના ધોરણે થતો હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

(i) જી.ડી.એચ.કોલના મત મુજબ "મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ મળતર પ્રાપ્ત

કરવાની ઉત્પાદન પદ્ધતિ છે. જેમાં ઉત્પાદનના બધા સાધનો ખાનગી માલિકીના હોય છે.''

(ii) મેક્સ વેબરના મતે ''બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ.''

(iii) પ્રખ્યાત અર્થશાસ્ત્રી લિપ્સનના મત મુજબ ''મૂડીવાદનું મુખ્ય લક્ષણ એ છે કે તે પદ્ધતિમાં શ્રમિકોને વેતન આપીને તેમના શ્રમના માલિકી હક્કો લઈ લેવામાં આવે છે. પરિણામે શ્રમજીવી માત્ર પોતાની મહેનત-મજૂરીનું ફળ વેચતો નથી. પરંતુ ખુદ શ્રમ જ વેચે છે.''

(iv) જહોન સ્ટેચી : ''મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનના સાધનો ઉપર જેમની માલિકી નથી તે, જેમની માલિકી છે તેમના નફા માટે કામ કરે છે. મૂડીવાદમાં નફો-સ્નેહ નહીં - જગતને ફરતું રાખે છે. માત્ર નફાની આશાએ જ ઉત્પાદનના સાધનોના માલિકો તેમના ઉપયોગની પરવાનગી આપે છે.''

(v) વેબના મતે - ''મૂડીવાદમાં કારીગરોનો વિશાળસમૂહ સાધનોની માલિકીથી અળગો બનતો હોય છે. શ્રમિકોની જીવાદોરી મૂડીપતિઓની ઇચ્છા પર અવલંબે છે. શ્રમ કરીને, મહેનત વેચીને જીવવાનું હોય છે. સ્વહિત અર્થાત્ નફા હેતુથી ઉત્પાદકો ઉત્પાદનની વ્યવસ્થા કરે છે.''

## 8.3 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લક્ષણો :

### (1) ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી :

મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં બે ભાગ પડે છે. જ્યાં એક વર્ગ ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવે છે. તે ખાનગી માલિકી છે. મૂડીવાદી અર્થતંત્રોમાં એક ખાનગી ક્ષેત્ર અસ્તિત્વમાં છે જે ઉત્પાદનના સાધનો કયા ક્ષેત્રમાં રોકવા, કેટલા પ્રમાણમાં રોકવા તે બાબતે તેઓ મુક્ત રીતે - સ્વતંત્ર રીતે કોઈના પણ હસ્તક્ષેપ વિના આર્થિક નિર્ણયો લેતા હોય છે. તેમનો વ્યવસાય કેવી રીતે ચલાવવો, કેટલું ઉત્પાદન કરવું, શું ભાવ રાખવો, કેટલા લોકોને રોજગારીએ રાખવા, કેટલું વેતન ચૂકવવું, કઈ વસ્તુનું ઉત્પાદન કરવું વગેરે તમામ નિર્ણયો ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવનાર માલિક સ્વતંત્ર રીતે નિર્ણય લે છે. બીજો વર્ગ કે જે ઉત્પાદનના સાધનનો માલિક નથી તે વર્ગ ઉત્પાદનના સાધનના માલિકનો આશ્રિત હોય છે અને તેના નિર્ણયોને અનુસરે છે.

### (2) આર્થિક પ્રવૃત્તિનો હેતુ માત્ર નફો કે કમાણી કરવાનો :

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં કંપનીએ કે તેના માલિકો નફો કરવા માટે જ અસ્તિત્વ ધરાવે છે. તમામ કંપનીઓનો હેતુ માત્ર નફા માટે માલ એટલે કે ચીજવસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરી વેચાણ કરવુ હોય છે. મૂડીવાદમાં માત્ર લોકોની જરૂરિયાતોને સંતોષવા માટે અસ્તિત્વમાં નથી. પરંતુ જેઓ માંગ કરે છે તે વસ્તુ સારી કે ખરાબ હોય પણ જેમાં વધુ નફો મળતો હોય ત્યાં જ ઉત્પાદનના સાધનો ગતિશીલ બને છે. એટલે કે કેટલીક વસ્તુઓ અથવા સેવાઓ જરૂરિયાતોને સંતોષતી હોય તે ત્યારે જ ઉપલબ્ધ થશે. જ્યારે લોકો પાસે તેમના માટે ચૂકવણી કરવા માટે સંસાધનો હોય અને તે ઉત્પાદક માટે નફાકારક હોવી જોઈએ.

### (3) મૂડીને જ પ્રાધાન્ય :

ઉત્પાદનના ચાર સાધનો શ્રમ, જમીન, નિયોજક અને મૂડી છે. આ ચાર સાધનો

પૈકી માત્ર મૂડીને જ પ્રાધાન્ય અપાતું હોવાથી મૂડીવાદી આર્થિક પદ્ધતિ તરીકે પ્રખ્યાત બની છે. દેશના આર્થિક વિકાસનો આધાર મૂડી સંચય દ્વારા મૂડીના જથ્થા અને પુરવઠામાં વધારો કરવાનો છે. ઉત્પાદનના અન્ય સાધનો કરતાં રાષ્ટ્રના વિકાસદર વધારવામાં માત્ર મૂડીના રોકાણ ઉપર જ ભાર મૂકવામાં આવે છે. આમ મૂડીવાદી આર્થિક પદ્ધતિનું મહત્ત્વનું લક્ષણ મૂકીને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(4) બજારતંત્ર આધારિત કિંમત નિર્ધારણ :**

સામાન્ય રીતે કિંમત નિર્ધારણ બજારની કુલ ચીજવસ્તુઓની માંગ અને કુલ પુરવઠા દ્વારા નક્કી થાય તેને બજારતંત્ર આધારિત કિંમત નિર્ધારણ કહેવામાં આવે છે. સંપૂર્ણ સ્વતંત્ર ભાવનિર્ધારણ છે. બજારની કુલ માંગ કે પુરવઠામાં થતાં ફેરફારોની અસર ભાવો ઉપર થાય છે. સરકાર ઊંચા કે નીચા ભાવો દરમ્યાન કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો સ્વયં સંચાલિત બજાર વ્યવસ્થા કે કિંમત નિર્ધારણ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જોવા મળે છે.

**(5) ગ્રાહક સર્વોપરિ અથવા બજારનો રાજા :**

કિંમત નિર્ધારણ બજાર માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી હોવાથી ગ્રાહકો જે ચીજવસ્તુઓની માંગ કરશે તે જ વસ્તુઓનું ઉત્પાદન ઉત્પાદકો કરશે. કારણ કે તેનો માલ વેચાઈ જવાથી નફો ઉત્પાદકને મળશે. ગ્રાહક સારી, નરસી કે વ્યસની વસ્તુની માંગ કરશે તો ઉત્પાદનના સાધનો તે જ વસ્તુની ઉત્પાદન પ્રક્રિયામાં રોકાશે. ગ્રાહકોની પસંદગી, રૂચિ, ટેવ, ફેશન કે ખરીદશક્તિ વગેરે વસ્તુ અને સેવાના ભાવ અને ગુણવત્તા નિર્ધારણમાં ભાગ ભજવે છે. મૂડીવાદી અર્થતંત્રમાં ગ્રાહકોને રાજા કે સર્વોપરિ ગણવામાં આવે છે.

**(6) રાજ્ય સરકારનો હસ્તક્ષેપ નહીં :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વેપારધંધા અને ઉદ્યોગક્ષેત્રે હરીફાઈને પ્રોત્સાહન મળે છે. પરિણામે ગ્રાહકો વાજબી ભાવે, ઊંચી ગુણવત્તાયુક્ત વસ્તુઓ અને સેવા મળી રહે તેવી મુક્ત અર્થતંત્રની વ્યવસ્થા છે. સરકાર કે રાજ્ય સરકાર વેપાર-ધંધા અને ઉદ્યોગના વિકાસ માટે અનુકૂળતા ઊભી કરે છે. તેમજ જરૂરી માળખાકીય સગવડો વધારે છે. ધંધાકીય ક્ષેત્રે બિનજરૂરી નિયમનો કે અંકુશો લાદવામાં આવતા નથી. તેમજ આર્થિક પ્રવૃત્તિઓમાં ઓછામાં ઓછી દખલગીરી હોય છે. આમ રાજ્ય સરકારનો હસ્તક્ષેપ આર્થિક ક્ષેત્રે જોવા મળતો નથી.

**(7) ટેક્નોલૉજીનો વિકાસ**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ખાનગી ક્ષેત્રનું વર્ચસ્વ હોવાથી વ્યક્તિગત ધંધાકીય સાહસોના વિકાસને પ્રોત્સાહન મળે તેવું તંદુરસ્ત આર્થિક વાતાવરણ હોય છે. પરિણામે મૂડીવાદમાં આર્થિક સ્વાતંત્ર્ય અને વ્યક્તિગત પહેલવૃત્તિને લીધે ટેક્નોલૉજીનો વિકાસ થઈ શકે તેવું આર્થિક વાતાવરણ સર્જાય છે. પરિણામે મૂડીવાદી દેશોમાં ટેક્નોલૉજીનો વિકાસ ઘણી ઝડપથી થાય છે. ઉત્પાદન પણ સારા પ્રમાણમાં ટેક્નોલૉજીના વિકાસને કારણે થાય છે.

**(8) ખાનગી મિલકત અને વારસામાં મિલકતનો અધિકાર :**

મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં ઉત્પાદનના સાધનોની માલિકી સ્વતંત્ર હોવાથી ખાનગી મિલકતના માલિકી હક્કનો સ્વીકાર કરવામાં આવે છે. મિલકત ઉપર વ્યક્તિઓના હક્ક અને અંકુશને કારણે વ્યક્તિ ગમે તેટલી મિલકત રાખી શકે, પોતે ઇચ્છે તે

મુજબ મિલકતને વેચી શકે, તેનો ઉપયોગ કરી શકે, મિલકત ગીરો મૂકી શકે, દાનમાં આપી શકે અને પોતે ઇચ્છે તેમ પોતાની મિલકતનો વહીવટ વ્યક્તિ કરી શકે, તેમાં કોઈનીય ડખલગીરી હોતી નથી. વળી, પોતાના વારસદારને વારસામાં મિલકત આપવાનો અબાધિત અધિકાર હોવાથી વધુ મિલકત એકઠી કરવાનો કે વધુ નફો કરવાની કે કમાવાનું પ્રોત્સાહન મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદકો, વ્યક્તિઓ કે ઉત્પાદનના સાધનોના માલિકને હોય છે.

**(9) મુક્ત હરીફાઈ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિનું આ એક આગવું લક્ષણ છે. વધુ ને વધુ ગ્રાહકો મેળવવા માટે વેપારીઓમાં હરીફાઈ થાય છે. ગ્રાહકો પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદવા માટે હરીફાઈ કરે છે. કારખાનાઓમાં નોકરી મેળવવા મજૂરો વચ્ચે હરીફાઈ થાય છે અને સારા કુશળ, હોંશિયાર મજૂર મેળવવા કારખાનાના માલિકો હરીફાઈ કરે છે. મૂડી વ્યાજે અને ઉછીની આપનારાઓમાં અને લેનારાઓ વચ્ચે હરીફાઈ અસ્તિત્વમાં આવે છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનના ચારેય સાધનોમાં વધુ સારું વળતર પ્રાપ્ત કરવા મુક્ત હરીફાઈ થતી જોવા મળે છે.

## 8.4 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ કે સિદ્ધાંતો નીચે મુજબ છે.

**(1) ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ :**

ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોવાથી ઉત્પાદક પોતાના સાધનોનો મહત્તમ ઉપયોગ કરી નફો કમાવવાનો પ્રયત્ન કરે છે. વળી, ગ્રાહકો સર્વોપરી હોવાથી તેઓની માંગ મુજબ ઉત્પાદનના સાધનનો માલિક ઉત્પાદન કરશે. ઉત્પાદનના સાધનના માલિકને ઉત્પાદનના સાધનો લાંબા સમય સુધી બિન કાર્યક્ષમ રાખવા પોષાતા નથી. આથી ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે.

**(2) ઉત્પાદનમાં વધારો :**

વ્યક્તિની આર્થિક અને કદાચ રાષ્ટ્રીય કક્ષાએ રાજકીય સ્વતંત્રતામાં ગંભીર કાપ મૂક્યા સિવાય મૂડીવાદી આર્થિક પદ્ધતિ માનવીની વસ્તુઓ અને સેવાઓની જરૂરિયાતોને સંતોષવામાં વધુ અનુકૂળ થઈ શકે તેમ છે. વળી, કાર્યક્ષમ ઉત્પાદનની બાબતમાં મૂડીવાદી અર્થ પદ્ધતિની સૌથી મોટી સિદ્ધિ એ છે કે સમયને અનુરૂપ કુલ ઉત્પાદન તથા આર્થિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો માલુમ પડે છે. મૂડીવાદી અર્થવ્યવસ્થાએ હંમેશાં ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો અને કુલ ઉત્પાદન વધારવાનો પ્રયાસ કર્યો છે. કાર્લ માર્ક્સ જેવા સમાજવાદી વિદ્વાને પણ મૂડીવાદની આ સિદ્ધાંતની પ્રશંસા કરી છે.

**(3) ઊંચું જીવનધોરણ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિનો મહત્ત્વનો લાભ એ છે કે ઉત્પાદનમાં અનેક ગણો વધારો થતાં ટેક્નોલોજિકલ પ્રગતિને કારણે કુલ ઉત્પાદકતામાં વધારો થવાથી લોકોનું જીવનધોરણ વ્યાપકપણે સુધર્યું છે. વપરાશી ચીજવસ્તુઓ અને સુખસગવડ તથા મોજશોખની ચીજવસ્તુઓનું ઉત્પાદન પ્રમાણ વધતા લોકોની માથાદીઠ આવક વધી છે. આમ, વધતી જતી ઉત્પાદનશક્તિ અને ઊંચા જીવનધોરણના ફાયદા સમાજના તમામ અમીર-ગરીબ વર્ગને થાય છે. ખાનગી સાહસિકોની આર્થિક તાકાત અને નફાના હેતુઓના પ્રોત્સાહક પરિબળો એ મોટા પ્રમાણમાં નવી ચીજવસ્તુઓ અને

સેવાઓનું ઉત્પાદન શક્ય બનાવી માનવ જીવનધોરણમાં ખૂબ જ સુધારો થયો છે.

**(4) પરિવર્તનશીલતા :**

અર્થશાસ્ત્રી શુમ્પીટરના મતે મૂડીવાદ સ્વભાવથી જ આર્થિક પરિવર્તનની પદ્ધતિ છે. તે કદી સ્થિર હોતી નથી. મુડીવાદના એન્જિનને ગતિમાં મૂકનાર અને ગતિમાં રાખનાર પાયાના બળો વપરાશની નવી વસ્તુઓ ઉત્પાદન અને વાહન-વ્યવહારની નવી પદ્ધતિઓ, નવા બજારો અને મૂડીવાદી સંચાલનમાંથી ઉદ્ભવતા નવા ઔદ્યોગિક સ્વરૂપોમાં આવે છે. અસંખ્ય અંકુશોની વચ્ચે પણ મૂડીવાદી આર્થિક પદ્ધતિ આજે પણ ટકી રહી છે. તે જ તેની પરિવર્તનશીલતા પુરવાર કરે છે.

**(5) ઉત્પાદન સાધનની આવડત મુજબ આવકની વહેંચણી :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં પ્રત્યેક વ્યક્તિ કે ઉત્પાદનના સાધનને તેની જરૂરિયાત મુજબ નહીં, પરંતુ તેની યોગ્યતા મુજબ આવક પ્રાપ્ત થાય છે. જેઓ વધુ કાર્યક્ષમ અને યોગ્ય આવડત ધરાવતાં સાધનોને વધુ ઊંચી આવક અને ઓછી કાર્યક્ષમતા ધરાવતો અયોગ્ય ઉત્પાદનના સાધનને ઓછી આવક પ્રાપ્ત થાય છે.

**(6) ટેક્નોલૉજીના વિકાસનો લાભ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં અત્યંત શક્તિશાળી એવા યંત્ર વૈજ્ઞાનિક પરિવર્તનો સર્જાયાં છે અને એકધારો વિકાસ થતો જોવા મળે છે. નવી જ કૃષિ અને ઔદ્યોગિક ક્રાંતિ દાખલ થઈ છે. યંત્ર વિદ્યાના ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં એન્જિનિયરો, ભૌતિક શાસ્ત્રીઓ, રસાયણશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ વગેરેએ અસંખ્ય ઉત્તમ કક્ષાના જાણકારીનો મહામૂલો ફાળો મૂડીવાદમાં જોવા મળે છે. જે પેઢી કે ઉદ્યોગ જૂની પુરાણી પદ્ધતિથી ઉત્પાદન ચાલુ રાખે છે તેઓ હરીફાઈમાં ટકી શકતા નથી જ્યારે બિલકુલ નવી ટૅક્નોલૉજીના ઉપયોગથી નવી પદ્ધતિથી ઉત્પાદન કરતી પેઢીઓ કે ઉદ્યોગો માટે પ્રગતિના દ્વાર હંમેશાં ખુલ્લાં રહે છે. આમ, મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં યંત્રવિદ્યા કે ટૅક્નોલૉજીનો વિકાસ એ મહત્ત્વની સિદ્ધિ ગણાય.

**(7) મુક્ત બજાર આધારિત સ્વયં સંચાલિત અર્થવ્યવસ્થા :**

ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી અને મુક્ત બજાર આધારિત અર્થવ્યવસ્થાને કારણે નિયોજક તમામ આર્થિક નિર્ણયો જેમાં કે શું ઉત્પાદન કરવું, કેટલું ઉત્પાદન કરવું, ક્યાં અને કેવી રીતે ઉત્પાદન કરવું, ઉત્પાદનના સાધનોની ફાળવણી કેવી રીતે કરવી તે તમામ આર્થિક નિર્ણય લેવાની માલિક સ્વતંત્રતા ધરાવે છે. તેમજ માંગ અને પુરવઠા વડે બજાર આધારિત કિંમત નિર્ધારણ અને અર્થતંત્રમાં સ્વયંસંચાલિત અર્થ વ્યવસ્થા જોવા મળે છે. જે અનેક ગણું ઉત્પાદન વધારે છે.

## 8.5 મૂડીવાદી આર્થિક પદ્ધતિના ગેરલાભ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ કરતાં ગેરલાભો વધુ છે.

**(1) આવકની અસમાન વહેંચણી :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં રાષ્ટ્રીય આવકની વહેંચણી ખૂબ જ અસમાન રીતે થઈ છે. સંપત્તિનું કેન્દ્રિયકરણ થાય છે. એક બાજુ વૈભવ વિલાસની ચીજવસ્તુઓનું મોટા પાયા પર ઉત્પાદન અને બીજી બાજુ પ્રાથમિક જરૂરિયાતોથી ગરીબો વંચતિ રહેતા હતા. મહત્તમ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ આવકની અસમાનતા એ અનિષ્ટ છે. આવકની અસમાનતાના મૂળમાં ત્રણ પરિબળો મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જવાબદાર છે. (1) મુક્ત બજારનું અસ્તિત્વ (2) ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી અને

(3) વારસા પ્રથા. ડૉ. ડાલ્ટન જણાવે છે કે "મૂડીવાદી આર્થિક પદ્ધતિના બે વર્ગો પડી જાય છે. એક વર્ગ મહેનત કર્યા વિના જીવે છે અને બીજો વર્ગ જીવ્યા વગર જ મહેનત કર્યા કરે છે." આમાંથી જ આવકની અસમાનતા વધે છે. જે મૂડીવાદી આર્થિક પદ્ધતિની એક મોટી મર્યાદા કે ખામી ગણી શકાય.

**(2) માનવ સુખાકારી અને નાણાકીય મૂલ્ય વચ્ચે સંઘર્ષ :**

અર્થશાસ્ત્રી જે. એ. હોલ્સનનો એવો અભિપ્રાય છે કે મૂડીવાદમાં માનવીના કલ્યાણનો વિચાર કરવામાં આવતો નથી. કોઈપણ પ્રવૃત્તિઓનો અંતિમ હેતુ માનવ સુખાકારીનો હોવો જોઈએ. પરંતુ મૂડીવાદમાં નિયોજકના તમામ નિર્ણયો માત્રને માત્ર નાણાકીય ગણતરીઓ કરીને જ ઉત્પાદન વધારવાનો હોય છે. આમ, માનવ સુખાકારી અને નાણાકીય મૂલ્ય વચ્ચે સંઘર્ષ જન્મે છે. જહોન સ્ટ્રેચીએ યોગ્ય જ કહ્યું છે કે મૂડીવાદી અર્થતંત્રમાં એક બાજુએ માનવી માટે ખોરાક અને રહેઠાણની ખેંચ હોય છે. જ્યારે બીજી બાજુ મોટરો અને સૌંદર્ય પ્રસાધનોનું એટલે કે મોજશોખની ચીજવસ્તુઓનું ઉત્પાદન મોટા પાયે થાય છે. અહીંયા માનવ કલ્યાણ કે માનવ સુખાકારીનો ખ્યાલ તદ્દન ગૌણ બની જાય છે.

**(3) શોષણની શક્યતાઓ :**

મૂડીવાદી અર્થતંત્રમાં નફો કેન્દ્રસ્થાને હોવાથી ઉત્પાદનના સાધનોનો માલિક ઉત્પાદનના સાધનોને નીચું વળતર આપી શોષણ કરે છે. વળી, નફો વધુ કમાવવાના હેતુથી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓમાં નીચી ગુણવત્તાની હલકી ચીજવસ્તુઓ ભેળવીને ગ્રાહકોને ઊંચી કિંમત ચૂકવવા મજબૂર કરે છે. આમ, નફાનો હેતુ શોષણને જન્મ આપે છે.

**(4) ઉત્પાદનના સાધનો વણવપરાયેલા અથવા સાધનોનો બગાડ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં મોટે ભાગે ઉત્પાદનના તમામ સાધનોનો ઉપયોગ અશક્ય છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં હરીફાઈને લીધે વિપુલ પ્રમાણમાં સાધનોનો દુર્વ્યય થાય છે. નિયોજકો હરીફાઈને લીધે ગ્રાહકોને આકર્ષવા એક જગ્યાએ એક કરતાં વધુ ઉત્પાદક કે વેચાણ એકમો સ્થાપે છે. પરિણામે સાધનોનો દુર્વ્યય થાય છે. દા.ત. એક વિસ્તારમાં એક પેટ્રોલ પંપ છે અને નફાનું ધોરણ ઊંચું હોવાથી એક કરતાં વધુ પેટ્રોલ પંપો તે વિસ્તારમાં થાય. જેથી નફો બધામાં વહેંચાઈ જાય છે અને ઉત્પાદનના સાધનોને પૂર્ણ રોજગારી મળશે નહીં અને કેટલાંક સાધનો વણવપરાયેલાં પડી રહેશે.

**(5) વ્યક્તિ હિત મહત્ત્વનું :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિ સ્વાર્થી બની જાય છે. દરેક વ્યક્તિ માત્ર પોતાના હિતને જ ધ્યાનમાં રાખીને આર્થિક પ્રવૃત્તિ કરે છે. વધુ નફા માટે શ્રમિકો છોડીને યંત્રનો આશરો લે છે. શ્રમિકોને નોકરીમાંથી છૂટા કરતાં ઉત્પાદન સાધનનો માલિક અચકાતો નથી. પરિણામે બેરોજગારીનું પ્રમાણ વધે છે. વ્યક્તિ સ્વાર્થી બનીને આવકની ઊંચી સપાટીએ પહોંચવા પ્રયાસ કરે છે. વારસદારોને વારસામાં વધુ મિલકત આપવાના હેતુસર બેફામ નફો મેળવવા અનેક પ્રકારના અખતરા કરી મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિવાદ અને સ્વાર્થ લોલુપતા ફૂલી ફાલે છે.

**(6) ઈજારાશાહીના પરિબળો :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં હરીફાઈના જરૂરી તત્ત્વનો અભાવ હોય છે. નફાનો

હેતુ, હરીફાઈ અને આધુનિક વિશાળ પાયા પરની ઉત્પાદન પદ્ધતિ ઈજારાશાહીના પરિબળો સર્જે છે. જે વાસ્તવમાં મૂડીવાદની વિરુદ્ધની સ્થિતિ છે. હરીફાઈનો નાશ કરીને ઈજારો અસ્તિત્વમાં આવે છે. વળી, મૂડીવાદમાં ઈજારો વ્યક્તિ સ્વાતંત્ર્યને પણ હણે છે અને સત્તાનું કેન્દ્રીયકરણ થાય છે. વળી, ઈજારાશાહીમાં નફાકારકતા અને ઉત્પાદકતા વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ જળવાતો નથી. આવી પદ્ધતિ અતિશય ખર્ચાળ અને સાધનોને દુર્વ્યય કરનારી છે. વ્યક્તિ સ્વાતંત્ર્યનો નાશ થાય છે. અર્થતંત્ર મુઠ્ઠીભર લોકોના હાથમાં આવે છે. તેથી આવકની અસમાનતા વધે, બેરોજગારીનું પ્રમાણ વધે અને ગ્રાહકો તેમજ શ્રમિકોનું ખૂબ જ શોષણ થાય છે. આમ, મૂડીવાદી અર્થતંત્રની આ મોટામાં મોટી મર્યાદા ગણી શકાય.

મૂડીવાદી આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં આવી ત્યારે શરૂઆતમાં તેના ફાયદાઓ જણાયા. પરંતુ ધીરેધીરે તેના અમલ બાદ કાળક્રમે આ પદ્ધતિના દુષણોથી માનવીના આર્થિક જીવનમાં સ્થિરતા આવી શકી નહીં. ખાસ કરીને મૂડીવાદના દૂષણોમાં બેકારી, આર્થિક અસમાનતા, ઔદ્યોગિક ઝઘડાઓ, વ્યાપાર ચક્રો (તેજી-મંદી) વગેરે દૂષણો અસ્તિત્વમાં આવ્યા. આ દૂષણોને કારણે સમાજવાદી આર્થિક પદ્ધતિનો સ્વીકાર થયો. પરંતુ કાળક્રમે સમાજવાદી પદ્ધતિમાં પણ મૂડીવાદી પદ્ધતિના દૂષણો દૂર થઈ શક્યા નહીં. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ગ્રાહકની સ્વતંત્ર પસંદગીનો અભાવ, અમલદારશાહી, કેન્દ્રીય આયોજન, નોકરશાહી જેવો ભાવ, સરમુખત્યારશાહીનો જન્મ અને કાર્યકુશળતાનો અભાવ જેવા અનિષ્ટો પેદા થયા.

આમ, સમાજવાદના અને મૂડીવાદી આર્થિક પદ્ધતિના દૂષણોને કારણે મિશ્ર અર્થતંત્રનો જન્મ થયો. વર્તમાન સમયમાં વિશ્વમાં લગભગ બધા જ દેશોમાં મિશ્ર અર્થતંત્ર આર્થિક પદ્ધતિ વધતે-ઓછે અંશે અસ્તિત્વમાં આવી છે.

## 8.6 આર્થિક પદ્ધતિઓ :

વિશ્વભરના રાષ્ટ્રો વિવિધ પ્રકારની આર્થિક પ્રણાલીઓનો ઉપયોગ કરે છે. આમાં મુખ્યત્વે બે પ્રકારો સમાજવાદ અને મૂડીવાદ છે. આ બંને આર્થિક પદ્ધતિઓ તદ્દન વિરુદ્ધ પ્રકારની છે. મિશ્ર અર્થતંત્ર પ્રણાલી એ સમાજવાદ અને મૂડીવાદનો સુભગ સમન્વય છે. એટલે કે, કેટલાંક લક્ષણો કે સારા પાસાં સમાજવાદના અને કેટલાંક સારા પાસાં (લક્ષણો) મૂડીવાદના સ્વીકારીને એક નવી આર્થિક પદ્ધતિ મિશ્ર અર્થતંત્ર અસ્તિત્વમાં આવ્યું છે. ભારત અને એશિયાના દેશો કે જે અલ્પવિકસિત કે વિકસતા જતા દેશોમાં આર્થિક પદ્ધતિ તરીકે મિશ્ર અર્થતંત્રને અપનાવ્યું છે. મૂડીવાદને તેના શુદ્ધ સ્વરૂપમાં મુક્ત બજાર અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. મોટેભાગે યુરોપીય દેશો જેવાં કે અમેરિકા, લંડન, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં મૂડીવાદી આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિ રશિયા, યુગોસ્લાવિયા, ઝેકોસ્લાવિયા, પોલેન્ડ, જર્મની જેવા દેશોમાં અસ્તિત્વમાં છે.

શુદ્ધ મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી સંપૂર્ણપણે વ્યક્તિગત હોય છે. એટલે કે ખાનગી માલિકી હોય છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકાર કે રાજ્યની હોય છે. ખાનગી માલિકીનો અધિકાર સમાજવાદમાં નથી. પરિણામે સમાજવાદમાં પોતાના વારસદારોને વારસાઈમાં મિલકત આપી શકાતી નથી. જ્યારે મૂડીવાદમાં વારસદારોને વારસાઈમાં મિલકત આપવાની હોવાથી ખૂબ જ મહેનત કરીને ગમે તે ભોગે વધુ સંપત્તિ કે મિલકત એકઠી કરવાનો પ્રયાસ ઉત્પાદનના સાધનનો માલિક કરે છે. મિશ્ર અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી એકમો

અને સરકારની એમ સંયુક્ત રીતે હોય છે. વારસા વેરો ભરીને પણ વારસદારોને મિલકત કે સંપત્તિ કાયદેસર રીતે આપી શકે છે અને બક્ષિશ પણ આપી શકે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં બજારોમાં માંગ અને પુરવઠા દ્વારા વસ્તુની કિંમત નક્કી થાય છે. એટલે કે કુલ બજાર માંગ અને કુલ બજાર પુરવઠા દ્વારા મુક્તપણે બજારકિંમત નક્કી કરાય છે. જેમાં સરકારનો હસ્તક્ષેપ એકદમ ન્યૂનતમ હોય છે. જ્યારે સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની કે સમાજની હોવાથી બજાર કિંમત સરકાર દ્વારા નક્કી થાય છે. એટલે કે બજાર કિંમત ઉપર સરકારનો સંપૂર્ણ હસ્તક્ષેપ હોય છે. જ્યારે મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિમાં ખાનગી માલિકી હક્ક અને સરકારનો અંકુશ ધરાવતી હોવાથી સંપૂર્ણ બજાર કિંમત ખાનગી માલિકો નક્કી કરી શકતા નથી. કિંમત નિર્ધારણમાં સરકારનો હસ્તક્ષેપ કેટલેક અંશે હોવાથી સંયુક્ત રીતે કિંમત નિર્ધારણ થાય છે.

મૂડીવાદી અર્થતંત્રમાં ધન-સંપત્તિ ભેગી કરવાની આઝાદી છે. મૂડીવાદમાં મનુષ્ય જીવનનો મૂળભૂત હેતુ સંપત્તિના ઉપાર્જન અને "પૈસો મારો પરમેશ્વર" છે. સંપત્તિ પ્રાપ્ત કરવાના આડે આવતા તમામ અવરોધો દૂર કરી વારસાગત સંપત્તિ આપવા માટે સખ્ત મહેનત ઉત્પાદનના સાધનોના માલિક કરે છે. શ્રમિકો અને ગ્રાહકોનું શોષણ કરી વધુ સંપત્તિ મેળવવા ઉત્પાદનના સાધનો સક્રિય રહે છે. નફો મૂડીવાદી વ્યવસ્થાનું સંચાલક બળ છે. ઉત્પાદનના સાધનોનો માલિક ઉત્પાદન ખર્ચ ઘટાડવા ઉત્પાદનના સાધનોને નીચી કિંમત ચૂકવવા (વળતર) તેમજ ગ્રાહકો પાસથી ઊંચી કિંમત પ્રાપ્ત કરવાનો મુખ્ય હેતુ હોય છે. ઉત્પાદકો વધુ કિંમતો મેળવવા માટે અને બજારમાં હરીફાઈમાં ટકવા માટે નવી ટેક્નોલૉજી, નવી નવી વસ્તુઓ બજારમાં મૂકી ગ્રાહકોને વસ્તુઓ ખરીદવા પ્રોત્સાહિત થાય તે માટે મોટી મોટી જાહેરાતો દ્વારા પ્રચાર-પ્રસાર કરી ગ્રાહકોને વસ્તુ ખરીદવા માટે લલચાવે છે. ગ્રાહકો છેતરપીંડીનો ભોગ પણ બને છે. ઉત્પાદકો વધુ નફો મેળવી ફરી એ નફાનું મૂડીરોકાણ કરી ફરી નફો પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે. એટલે કે નફો અને મૂડીરોકાણનું ચક્ર ચાલક બળ તરીકે સતત ચાલુ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જોવા મળે છે. સરકાર કે સમાજ તેમાં કોઈ જ નિયંત્રણ કે નિયમન કરતાં નથી.

સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ધન કે સંપત્તિ એકઠી કરવાની કોઈ સત્તા ઉત્પાદનના સાધનોને નથી. વારસદારોને કોઈ સંપત્તિ વારસામાં મળતી નથી. કારણ કે બધી જ સંપત્તિના માલિક સરકાર કે સમાજ હોય છે. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં નફાના હેતુથી નહીં, પરંતુ સમાજની જરૂરિયાત મુજબ ઉત્પાદન કરવામાં આવે છે. ઉત્પાદનનો હેતુ સમાજની સેવા કરવાનો હોઈ અને ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોવાથી માલના વેચાણ માટે કોઈપણ પ્રકારની જાહેરાત કરી અથવા હરીફાઈ કરવાની જરૂરિયાત હોતી નથી. આથી ગ્રાહકોને લલચાવવા કે માલનું વધુ વેચાણ કરી ગ્રાહકોને ઊંચી કિંમત ચૂકવવા કે છેતરપીંડીનો કોઈ અવકાશ રહેતો નથી. સમાન ગુણી વસ્તુના સમાન ભાવની સ્થિતિ એટલે કે મોટેભાગે પૂર્ણ હરીફાઈવાળું બજાર જોવા મળે છે. સરકાર ચીજવસ્તુના ઉત્પાદનમાં મૂડીરોકાણ કરી ઉત્પાદન કરે છે. બજાર ઉપર સરકારનો અંકુશ જોવા મળે છે.

મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિમાં જાહેરક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર અને સંયુક્ત સાહસોનું સહઅસ્તિત્વ જોવા મળે છે. અર્થશાસ્ત્રમાં જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર એકબીજાના પૂરક તરીકે કામગીરી બજાવે છે. ઉત્પાદનનો હેતુ માત્રને માત્ર નફો જ કરવાનો નહીં, પરંતુ લોકોની જરૂરિયાતો સંતોષવા એટલે સેવાનો પણ રહેલો છે. મિશ્ર અર્થતંત્રમાં મૂડીવાદની માફક મુક્ત બજારતંત્ર એટલે ભાવતંત્રને મુક્ત રાખવાનો અને સમાજવાદની માફક બજારતંત્રનું અસ્તિત્વ જ ન હોય. સરકાર જ ભાવતંત્ર (કિંમતો) ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવે છે તેવું હોતું નથી. પરંતુ ભાવતંત્રને સંપૂર્ણ મુક્ત કે સંપૂર્ણ અંકુશિત રાખવાને બદલે

દેશની આર્થિક નીતિ અને નિયોજન દ્વારા ભાવતંત્રને નિયંત્રિત કરવામાં આવે છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિની જેમ અસામાન્ય નફો નહીં, પરંતુ સામાન્ય નફા સાથે આર્થિક પ્રવૃત્તિ કરવામાં આવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં આર્થિક નિર્ણયો ખાનગી ઉત્પાદનના સાધનોના માલિકો એટલે કે ખાનગી ક્ષેત્ર લે છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિમાં સરકાર દ્વારા આર્થિક નિર્ણયો લેવામાં આવે છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં આર્થિક નિર્ણયો આર્થિક આયોજન અમલમાં મૂકી ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્રના સહઅસ્તિત્વ દ્વારા આર્થિક આયોજન મુજબ લેવામાં આવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિના આર્થિક જીવનમાં સરકારનો બિલકુલ હસ્તક્ષેપ હોતો નથી. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં સરકારનો વ્યક્તિના આર્થિક જીવનમાં સંપૂર્ણ હસ્તક્ષેપ હોય છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં સરકાર વ્યક્તિના આર્થિક જીવનમાં કેટલેક અંશે હસ્તક્ષેપ કરે છે. પરંતુ આવો હસ્તક્ષેપ અમુક ચોક્કસ યોજના પ્રમાણે હોય છે. આથી જ વિદ્વાન અર્થશાસ્ત્રી એ. પી. લર્નર મિશ્ર અર્થતંત્રને ''અંકુશિત અર્થતંત્ર'' (Controlled Economy) અને પ્રો. હેન્સન 'દ્વિલક્ષી અર્થતંત્ર' તરીકે ઓળખાવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિનો ચાલકબળ ગ્રાહક છે. ગ્રાહક સાર્વભૌમ બજારનો રાજા છે. આથી જ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં "Consumer is the King of the Market" કહેવાય છે. ગ્રાહક કહે તેમ અર્થતંત્ર ચાલે છે. સમાજવાદમાં આર્થિક પદ્ધતિનો ચાલક બળ સરકાર કે સમાજ છે. સરકાર આર્થિક નિર્ણયો લે છે. ગ્રાહકનો પ્રભાવ બજાર ઉપર બિલકુલ હોતો નથી, જ્યારે મિશ્ર અર્થતંત્રમાં ગ્રાહકનો પ્રભાવની સાથે સાથે સરકારનું આયોજન આર્થિક નિર્ણયોમાં હોય છે. એટલે કે ગ્રાહકના પ્રભુત્વની સાથે સરકારનો હસ્તક્ષેપ પણ અમુક અંશે જોવા મળે છે.

ટૂંકમાં, મૂડીવાદ અને સમાજવાદી આર્થિક પદ્ધતિ બંને તદ્દન વિરોધાભાસી આર્થિક પદ્ધતિ છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં બંને પદ્ધતિઓનો સુભગ સમન્વય જોવા મળે છે.

## 8.7 મૂડીવાદમાં સરકારનો હસ્તક્ષેપ :

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં તેના મુક્ત અર્થતંત્ર એટલે કે Lasser Fair સ્વરૂપમાં રાજ્યની કોઈ દખલગીરી હોતી નથી. બજારતંત્ર એક ''આદર્શ હાથ''ની જેમ કામ કરે છે અને આવા અર્થતંત્રમાં સ્થિતિ સ્થાપકતાને પરિણામે સાધનોનો ઓછામાં ઓછો બગાડ અને મહત્તમ કાર્યક્ષમતા તથા વળતર પ્રાપ્ત થાય છે અને તેથી એકંદરે લોકોની સુખાકારીમાં વધારો થાય છે. લેસેઝ-ફેર સ્વરૂપના મુક્ત અર્થતંત્રની સ્થિતિ એ એક આદર્શ સ્થિતિ બની રહે છે અને અર્થતંત્રમાં રાજ્યની જરા પણ ડખલગીરી ન હોય તેવું બની શકતું નથી. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આર્થિક અસ્થિરતાઓ (તેજી-મંદી) સર્જાય છે વળી, મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આવકોની તીવ્ર અસમાનતા પણ સર્જાય છે. તથા લેણદેણની તુલામાં તીવ્ર અસમાનતાઓ પણ સર્જાય છે. આંતરિક તથા બાહ્ય અસમતુલાઓ કુદરતી રીતે તે સ્વયં સંચાલિત રીતે દૂર થવામાં ઘણો સમય લાગે છે. તેનું નુકસાન વિવિધ રીતે અર્થતંત્ર અને તેના જુદા જુદા વર્ગોએ સહન કરવું પડે છે. આથી મૂડીવાદી વ્યવસ્થાના વિકલ્પે સમાજવાદી, સામ્યવાદી પદ્ધતિનો વિકાસ અપનાવવો પડે પરંતુ સમાજવાદી - સામ્યવાદી વ્યવસ્થાના ઘણાં દૂષણો છે. જેમ કે વ્યક્તિ સ્વાતંત્ર્યમાં કાપ, રાજ્યની વધુ પડતી દખલગીરી, અતિશય નિયંત્રણો અને સ્પર્ધાના અભાવે કાર્યક્ષમતામાં ઘટાડો, ઉત્પાદનના સાધનોનો દુર્વ્યયપૂર્ણ ઉપયોગ વગેરે સમસ્યાઓ વધવાને કારણે મૂડીવાદના વિકલ્પે સમાજવાદી વ્યવસ્થાને સ્વીકારવામાં આવતી નથી.

મૂડીવાદી વ્યવસ્થાના દૂષણો દૂર કરવા કે ઓછા કરવા માટે બે વિકલ્પો રહે છે. (1) મૂડીવાદી વ્યવસ્થાના મૂળ સ્વરૂપને ચાલુ રાખીને રાજ્યનો ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરવો. જેમ કે આર્થિક અસ્થિરતાના સંજોગોમાં ફુગાવા અને મંદીની સ્થિતિમાં રાજકોશીય નીતિ અને નાણાકીય નીતિનો ઉપયોગ કરવો તથા કેટલાંક અનિવાર્ય એવા ન્યૂનતમ નિયંત્રણો મૂકવા અને પરિસ્થિતિ સુધારના નિયંત્રણો દૂર કરવા. વળી, બાહ્ય આર્થિક અસમતુલા (લેણદેણ તુલાની અસમતુલા) બનવાના સંજોગોમાં પરોક્ષ પ્રોત્સાહનોની નીતિ, રાજકોષીય નીતિનો ઉપયોગ કરી લેણદેણ તુલાની અસમતુલા દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જરૂર જણાય તો પ્રત્યેક નિયંત્રણો પ્રોત્સાહનની નીતિ પણ હંગામી જરૂર જણાય તો પ્રત્યક્ષ નિયંત્રણો લેવા અને પ્રોત્સાહનો આપવા કે અપનાવાય છે. (2) આર્થિક અસમાનતાના સંદર્ભમાં મુખ્યત્વે રાજકોષીય નીતિ એટલે કે પરોક્ષ કરવેરાની નીતિ ઉપયોગમાં લેવાય છે. રાજકોષીય કરનીતિ અને ખાસ કરીને પ્રગતિશીલ કરનીતિ ઉપયોગમાં લેવાય છે. ઊંચી આવકવાળાને ઊંચા કર અને જરૂરી ગરીબ લોકોને સહાય કરવાના પગલાં પણ લેવામાં આવે છે. કામદારોના હિતો જાળવવા માટે સામાજિક સુરક્ષાની નીતિ અમલમાં મૂકાય છે. તથા ગ્રાહકોના હિતો જાળવવા માટેના નિયમો પણ ઘડાય છે. આ ઉપરાંત ઉત્પાદન પ્રક્રિયાને પરિણામે થતાં પ્રદૂષણ અને પર્યાવરણના નુકસાનને ન્યૂનતમ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ કાયદાઓ અને નીતિઓ અમલમાં મૂકવામાં આવે છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થા પહેલાં મૂળ સ્વરૂપ એટલે કે મુક્ત અર્થતંત્ર લેલેઝ-ફેરની રીતે અસ્તિત્વ ધરાવી શકે નહીં.

રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી છે. ઘણા બધા દેશો કે જે મૂડીવાદી દેશો છે. ત્યાં પણ રાજ્યનો હસ્તક્ષેપ આજે ય ચાલી રહ્યો છે. લેસેઝ ફેરનું મૂડીવાદી મુક્ત અર્થતંત્ર હવે ક્યાંય અસ્તિત્વમાં નથી. ''મુક્ત અર્થતંત્રના હિમાયતી'' એવા ઇંગેલૅન્ડમાં પણ હેમિલ્ટને ચોક્કસ સંજોગોમાં રાષ્ટ્રીય હિતમાં રાજ્યનો અર્થતંત્રમાં હસ્તક્ષેપની હિમાયત કરી હતી. જર્મની એ પણ મુક્ત અર્થતંત્રની નીતિ અપનાવી હોવા છતાં ફેડરિક લિસ્ટે "Nurse the baby, Protect the child and free the adult" ના સૂત્ર વડે વિદેશ વેપારમાં સરંક્ષણલક્ષી નીતિની હિમાયત કરી હતી.

## 8.8 અર્થતંત્રમાં રાજ્યનો વધુ પડતો હસ્તક્ષેપ :

કેટલાંક વિચારકોએ મૂડીવાદી અર્થતંત્રના વિકલ્પે સમાજવાદી વ્યવસ્થા સૂચવી હતી. જો કે વ્યક્તિ સ્વાતંત્ર્યનો લોપ કરનારી અને રાજ્ય હસ્તક આર્થિક પ્રવૃત્તિઓની હિમાયત કરતી સમાજવાદી કે સામ્યવાદી વ્યવસ્થાની અર્થિક પદ્ધતિ ઘણા સમાજોને માન્ય નથી. આ સંજોગોમાં મૂડીવાદી અર્થતંત્રની બજાર પદ્ધતિનું સ્વરૂપ ચાલુ રાખીને લોકશાહી સ્વરૂપ જળવાય તે રીતે રાજ્યનો હસ્તક્ષેપ વધારવાની હિમાયત કરવામાં આવી. અહીં મૂડીવાદી વ્યવસ્થાના તેમજ સમાજવાદી વ્યવસ્થાના મુખ્ય લાભો મેળવવાના આશયથી ખાનગી મૂડીની વ્યવસ્થા ચાલુ રાખીને રાજ્ય દ્વારા પણ આર્થિક પ્રવૃત્તિઓ સર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. આમ, ખાનગીક્ષેત્ર તથા જાહેરક્ષેત્ર બંને અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું. વળી બજાર તંત્રને મુક્ત રાખવાને બદલે આર્થિક પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણો વધારીને રાજ્યનો હસ્તક્ષેપ વધારવામાં આવ્યો.

આમ, અર્થતંત્રમાં જાહેરક્ષેત્ર તથા રાજ્યનો હસ્તક્ષેપ વધવાને પરિણામે મિશ્ર આર્થિક પદ્ધતિનો વિકાસ થયો. ઇંગ્લૅન્ડે રાષ્ટ્રીયકરણની નીતિ વડે મિશ્ર આર્થિક પદ્ધતિનો પ્રારંભ કર્યો અને ભારતે પણ મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો. ઘણા અલ્પ વિકસિત દેશોએ મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવી.

## 8.9 મૂડીવાદમાં રાજ્યના હસ્તક્ષેપ બાબતે અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય :

કેટલાંક મહાન વિચારકો અને વિદ્વાન અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે અર્થતંત્રમાં તદ્દન મુક્ત વાતાવરણ હોવું જોઈએ. તેમજ આર્થિક ક્ષેત્રે સંપૂર્ણપણે બજારતંત્રમાં હરિફાઈ હશે તો સ્પર્ધાત્મકતાને કારણે ઉત્પાદનની શક્યતાઓ રહેશે. બજારની ઊણપો દૂર થઈ શકશે અને રાષ્ટ્રનો આર્થિક વિકાસ ઝડપી બનશે. રાજ્યે કોઈપણ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરવું જોઈએ નહીં. તેમજ મુક્ત બજારતંત્રમાં હસ્તક્ષેપ પણ કરવો જોઈએ નહીં. રાજ્ય ઉત્પાદન કરે તો તેનો અર્થ એ કે મૂડીવાદી અર્થતંત્ર નથી અથવા મૂડીવાદ ઓછો છે. તે અંગે કેટલાંક અર્થશાસ્ત્રીઓના અભિપ્રાય નીચે મુજબ છે.

## 8.10 પ્રો. એડમ સ્મિથ :

અર્થશાસ્ત્રના પિતા અને બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. એડમ સ્મિથનું માનવું છે કે અર્થતંત્રમાં સરકારની કામગીરી કે દખલગીરી હોવી જોઈએ નહીં. બજારતંત્રને તેની રીતે જ વિકસવા દેવાની જરૂર છે. તો જ મુક્ત રીતે રાષ્ટ્રનો વિકાસ થાય. પરંતુ કેટલીક બાબતમાં સરકારનો હસ્તક્ષેપ હોવો જોઈએ.

(1) કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કામ.

(2) નાગરિકોના રક્ષણનું કામ.

(3) લોકોના કરારના પાલન માટેનું કામ.

(4) હરીફાઈની જાળવણી રહે તેનું ધ્યાન રાખવાનું કામ.

(5) મોટા જાહેર કામો કરવાનું કામ.

**I.** એડમ સ્મિથના મતે કેટલાંક એવા કામો છે કે જેને બજારતંત્ર ઉપર છોડી દેવાય નહીં. નહીંતર દેશમાં અરાજકતા ફેલાય. દેશમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સરકાર જ કરી શકે. દેશમાં શાંતિ અને સલામતી માટે કાયદાઓનું પાલન સરકાર દ્વારા જ થવું જોઈએ. ગુનેગારોને સજા આપવાનું કામ તેમજ દીવાની અને ફોજદારી ગુનાઓ આચરનાર સામે દંડાત્મક પગલાં ભરવાનું કામ કોઈ વ્યક્તિ, સંસ્થા કે કંપની કરી શકે નહીં. દેશમાં આ કાર્યમાં સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે અને સરકાર જ કાયદો અને વ્યવસ્થા કરાવી નાગરિકોને સલામત રાખી શકે છે અને તો જ શાંતિ અને સલામતીભર્યા વાતાવરણમાં આર્થિક વિકાસ થઈ શકે. દેશ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકે. તેમાં જ રાષ્ટ્રનું હિત જળવાયેલું રહે છે.

**II.** સ્મિથના મતે નાગરિકોના રક્ષણનું કામ પણ રાજ્યના હસ્તક્ષેપ વિના શક્ય નથી. રાષ્ટ્રના વિસ્તાર માટે કેટલાક વિદેશી આક્રમણો થતાં હોય છે. તેવા સમયે નાગરિકોના રક્ષણ અને સલામતી માટે સરકારે સંરક્ષણ ખર્ચ કરવું પડે. દેશના નાગરિકો નિશ્ચિતપણે ભયમુક્ત રહી કામકાજ કરી શકે તેવું વાતાવરણ પૂરું પાડવાની સરકારની ફરજ છે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય વેપાર તંદુરસ્ત રીતે થાય તે માટે આંતરિક ઉત્પાદકો-નિકાસકારો કે આયાતકારોને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું કામ પણ રાજ્ય સરકારનું છે. એટલાં પૂરતો રાજ્યનો હસ્તક્ષેપ અનિવાર્ય છે.

**III.** વર્તમાન સમયના દેશના નાગરિકો, ઉદ્યોગપતિઓ અને કંપનીઓના માલિકો જુદા-જુદા કરાર કરતાં હોય છે. આવા કરારોનું પાલન વ્યવસ્થિતપણે થાય તે જોવાનું કામ પણ સરકારનું છે. મૂડીવાદી અર્થતંત્રમાં મુક્ત વેપાર થતો હોવાથી કોઈ કરાર ભંગ કરી વિશ્વાસનું વાતાવરણ ડહોળી ન રાખે તે પણ જોવું જોઈએ. જેમ કે સરકાર અને લોકો

વચ્ચેના કરાર, સરકાર અને કંપની વચ્ચે , સરકાર અને ઉદ્યોગપતિઓ સાથે, લોકો અને લોકો વચ્ચે, વેપારી અને લોકો વચ્ચે, વેપારી અને કંપની વચ્ચે, ઉદ્યોગપતિઓ અને વેપારી વચ્ચે, વેપારી અને ગ્રાહકો વચ્ચે આર્થિક કરારો તેમજ કેટલાંક સામાજિક કરારો થાય તેનું પાલન વ્યવસ્થિત રીતે થાય તે જોવાનું કામ સરકારનું છે. એટલે કે કરારભંગ કરનારને શિક્ષા કે દંડ આપી સરકારે હસ્તક્ષેપ કરવાની તાતી જરૂર છે. જો સરકાર હસ્તક્ષેપ નહીં કરે તો આર્થિક વ્યવહારોમાં પડી ભાંગે અને અર્થતંત્ર સારી રીતે ચાલી શકે નહીં. તંદુરસ્ત વાતાવરણ અને વિશ્વાસ અર્થતંત્રના આર્થિક વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. કરાર પાલન કરાવવું જરૂરી છે.

**IV.** દેશમાં અનેક ઉત્પાદકો, અસંખ્ય વેપારીઓ, અનેક કંપનીઓ અને અસંખ્ય ગ્રાહકો છે. મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં બજારતંત્ર કામ કરતું હોવાથી હરીફાઈ અંદરોઅંદર જોવા મળે છે. મોટી મોટી જાહેરાતો દ્વારા ગ્રાહકોનું કે ઉત્પાદનના સાધનોનું વધુ પડતું શોષણ ન થાય અને તંદુરસ્ત હરીફાઈ જળવાય તે જોવાનું કામ સરકારનું છે. સરકારે જાતે ઉત્પાદન કરવાનું નથી. ઉત્પાદન કે વેચાણ ઉપર નિયંત્રણો લાદવાના નથી, પરંતુ અર્થતંત્રમાં હરીફાઈ જળવાઈ રહે અને તેનો લાભ ઉત્પાદકો, વેપારીઓ, કંપનીઓ અને છેવટે તો ગ્રાહકોને પ્રાપ્ત થાય તેનું ધ્યાન રાખવાનું કામ સરકારનું છે. હરીફાઈ જાળવણી માટે સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે. ઈજારો કરનારી અને ગ્રાહકોનું શોષણ કરનારી કંપનીઓની ગેરવર્તણૂંક બાબતે દંડ કરવાની આવશ્યકતા રહે છે. દા.ત. ભારતમાં Compition Commission of India સ્પર્ધા પંચ છે. જેણે ઈજારો સ્થાપિત કરી ગ્રાહકોના શોષણ માટે ગુગલ ઉપર સરકારે હસ્તક્ષેપ કરીને દંડ કર્યો હતો. આમ, મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં તંદુરસ્ત હરીફાઈ જળવાઈ રહે તે માટે એડમ સ્મિથના મતે સરકારનો હસ્તક્ષેપ જરૂરી ગણ્યો છે.

V. એડમ સ્મિથના મતે ઉદ્યોગ ધંધામાં ભારે મૂડીરોકાણની જરૂરિયાત હોય, લાંબે ગાળે સામાન્ય નફો મળવાની શક્યતા હોય અને ખોટ પણ જઈ શકે તેવી પૂરેપૂરી સંભાવના હોય તેવા ઉદ્યોગ-ધંધામાં કોઈ ખાનગી એકમ ઉત્પાદન કે વેચાણ કરવા તૈયાર થાય નહીં. તેવા સમયે લોકહિતાર્થે સગવડો પૂરી પાડવાનું કામ સરકારનું છે. દા.ત. સંરક્ષણ ખર્ચ, શાંતિ અને સલામતી માટે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે સરકારે અર્થતંત્રને બજારતંત્ર ઉપર છોડી ન દેતાં હસ્તક્ષેપ કરવો જ પડે. દેશના નાગરિકો અને ઉદ્યોગ ધંધા માટે રોડ, રસ્તા, પાણી, વીજળી અને ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા, આરોગ્ય વિષયક સગવડો જેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સરકારે જ આગળ આવવું પડશે. એનો ખર્ચ કરવો પડશે. મોટી નહેરો, ડેમ બાંધવા, પુલ બાંધવા, પર્યાવરણની જાળવણી કરવી, પ્રદૂષણ અટકાવવા માટે સરકારે જ કાર્યવાહી કરવી પડે અને તે માટે બજારતંત્ર નહીં, પરંતુ સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે.

આમ, એડમ સ્મિથ મુક્ત બજારતંત્રના હિમાયતી છે અને માંગ અને પુરવઠારૂપી અદૃશ્ય હાથ વડે બજારની સમતુલા જળવાય તેના હિમાયતી છે. તેમ છતાં ઉપરોક્ત બાબતો માટે સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે. તેવો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો છે.

## 8.11 અન્ય અર્થશાસ્ત્રીઓ :

નોબલ પ્રાઈઝ વિજેતા ફ્રેડરિક વુડ હાયેકે તેમના પુસ્તક “Road to Serfdom”માં આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા હોઈ શકે નહીં એવું સ્પષ્ટ જણાવ્યું છે. હાયેકે જમીનદારી, ખેડૂતો અને ખેત મજૂરોની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કેન્દ્રીય આયોજનનો વિરોધ દર્શાવ્યો હતો.

નોબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. અમર્ત્યસેને પણ રાજકીય સ્વતંત્રતા વિના આર્થિક સ્વતંત્રતા સંભવી શકે નહીં તેવું જણાવ્યું છે.

અમેરિકન અર્થશાસ્ત્રી અને નોબેલ પ્રાઈઝ વિજેતા મિલ્ટન એવી ફ્રિડમેને પણ 1965માં 'મૂડીવાદ અને સ્વતંત્રતા' પુસ્તકમાં મુક્ત બજાર શોધાયેલી ફ્રી માર્કેટ અર્થતંત્રમાં આર્થિક વિકાસ માટે સૌથી મહત્ત્વની બાબત છે તેમ જણાવ્યું હતું.

મૂડીવાદી અર્થવ્યવસ્થા અને મુક્ત બજારતંત્રના હિમાયતી અર્થશાસ્ત્રીઓએ દેશમાં આયોજન વગર પણ આર્થિક વિકાસ થયો છે. અમેરિકા, કેનેડા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને યુરોપના ઘણા બધા મૂડીવાદી દેશોમાં સરકારના હસ્તક્ષેપ વિના વિકસિત દેશો બન્યાં છે.

ક્લાસિકલ ઉદારવાદીઓ અને મર્કન્ટાઈલ્સો દલીલ કરે છે કે મૂડીવાદ એ સંસાધનોના વિતરણની શ્રેષ્ઠ વ્યવસ્થા છે. પરંતુ લશ્કર, પોલીસ અને અદાલતો દ્વારા ખાનગી મિલકતના અધિકારોનું રક્ષણ કરવા માટે સરકારનો હસ્તક્ષેપ અસ્તિત્વમાં હોવો જોઈએ. યુનાઈટેડ નેશન્સમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ કેઈન્સીયન શિકાગો-સ્કૂલ અથવા ક્લાસિકલ લિબરલ તરીકે ઓળખવામાં આવે છે. કેઈન્સીયન અર્થશાસ્ત્રીઓ માને છે કે મૂડીવાદ મોટા ભાગે કામ કરે છે. પરંતુ વ્યાપાર ચક્રની અંદરના મેક્રોઇકોનોમિક્સ દળોને સરળ બનાવવા માટે સરકારી હસ્તક્ષેપની જરૂર પડે છે. તેઓ રાજકોષીય અને નાણાકીય નીતિને તેમજ અમુક વ્યવસાય પ્રવૃત્તિઓ પરના અન્ય નિયમોને સમર્થન આપે છે. શિકાગો-શાળાના અર્થશાસ્ત્રીઓ નાણાકીય નીતિના હળવા ઉપયોગ અને નિયમનના નીચા સ્તરને સમર્થન આપે છે.

મૂડીવાદી પ્રણાલીમાં સરકારના હસ્તક્ષેપની પદ્ધતિ મુખ્યત્વે પરોક્ષ છે. તે બજારના વિવિધ માળખાને બનાવે છે. કાયદેસર બનાવે છે. વહીવટ કરે છે અને સમયાંતરે આધુનિકરણ કરે છે. જે એવી પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે કે જેમ આર્થિક કલાકારો માલસામાનના ઉત્પાદન, વિતરણ અને વેચાણ માટે મૂડી અને શ્રમ પ્રાપ્ત કરી શકે અને કામ કરી શકે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં સરકાર હસ્તક્ષેપ ન કરે એટલે કે લેસેઝ-ફેર મુક્ત અર્થતંત્રમાં વિકાસની સંભાવનાઓ વિશેષ રહેલી છે. ગ્રાહકો અને ઉત્પાદકોને વેચાણ ઉપર મુક્ત રહેવા દેવાના મતમાં આર્થિક સ્વતંત્રતામાં માનનારા અર્થશાસ્ત્રીઓ માને છે.

**મૂડીવાદની ટીકાઓ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિની કેટલીક ટીકાઓ પણ થઈ છે. જેમ કે મૂડીવાદ સ્વાભાવિક રીતે શોષણકારી, વિમુખ, અસ્થિર અને બિનટકાઉ છે. મોટા પાયે આર્થિક અસમાનતા સર્જે છે. તેમજ લોકશાહી વિરોધી છે. તેમજ માનવ અધિકારો અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના ધોવાણ તરફ દોરી જાય છે. તેવું કેટલાંક સામ્રાજ્યવાદને પ્રોત્સાહન આપતા અર્થશાસ્ત્રીઓનું માનવું છે.

## 8.12 સમીક્ષા :

1980ના દાયકામાં મૂડીવાદી અર્થતંત્ર અને ઉદારવાદી અર્થવ્યવસ્થા તરફ વિશ્વભરમાં વિચારો પ્રસર્યા. જાહેરક્ષેત્રનું કદ ઘટાડવું. ખાનગીક્ષેત્રને વધુ છૂટ આપવી, રાજ્યનો હસ્તક્ષેપ ઘટાડવો અને વધુ હરીફાઈનું વાતાવરણ સર્જવું. એ પ્રકરાની ઉદારમતવાદી નીતિઓનો ફેલાવો મૂડીવાદી અર્થતંત્રોમાં તેમજ મિશ્ર અર્થતંત્રવાળા દેશોમાં ફેલાવવા માંડ્યા. વળી, ઘણા સમાજવાદી (સામ્યવાદી) દેશોએ પણ ઉદારવાદી અર્થતંત્ર અપનાવ્યું. પૂર્વ યુરોપના

બધા જ દેશોએ મૂડીતંત્ર અપનાવી લીધું. રશિયા અને ચીને પણ બજારતંત્ર અને ખાનગી મૂડી તથા સ્પર્ધાત્મક તંત્રનો સ્વીકાર કર્યો. આમ, વિશ્વભરમાં 1980ના દાયકા પછી (ભારતમાં 1990 પછી) ઉદારવાદી આર્થિક પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થા એ કુદરતી અને સ્વયંસંચાલિત અર્થવ્યવસ્થા હોવાથી વધુ કાર્યક્ષમ અને વધુ ઉત્પાદક જણાય છે અને તેથી વધુ ઉત્પાદન, સારી ગુણવત્તા અને પ્રજાના કલ્યાણના હેતુથી ને વધુ ઉપયોગી વ્યવસ્થા ગણાય છે. આ વ્યવસ્થા મહદ્અંશે તેના મૂળ સ્વરૂપમાં ચાલુ રાખીને કેટલાંક જરૂરી એવા ક્ષેત્રોમાં રાજ્યના ઓછામાં ઓછા હસ્તક્ષેપને સ્વીકારવામાં આવે છે. રાજ્યનો હસ્તક્ષેપ એ ગ્રાહકોના કલ્યાણ હેતુ, કામદારોના કલ્યાણ હેતુ, રાષ્ટ્રની સુરક્ષા હેતુ, પર્યાવરણની જાળવણી હેતુ, તીવ્ર આર્થિક અસમાનતા ઘટાડવાના હેતુ તથા આંતરિક અને બાહ્ય આર્થિક સ્થિરતા જાળવવાના હેતુસર રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી જણાયો છે. આ અંગે રાજ્યના કાયદા કાનૂન ખૂબ જ મહત્ત્વના છે.

## 8.13 Capitalism :

**References :**


- The contradictions of capitalism : Democratic Socialist Perspective " dsp org an Archived from the original on 6 April, 2015.
- Marx Karl 'Thirty Two' Economic Manuscript Capital Vol. Archived from the original on 21 Feb. 2015. Retrival 24, March 2015. Via Marxists Internet Archieve.
- James Fulchers Capitalism : S very shout introduction "The investment of money in order to make a profit the essential feature of capitalism." P. 14 Oxfort, 2004, ISBN 978-0-19-280218-7.
- "Reisman George (1998) Capitalism – A complete understanding of the nature and value of human economic life James on Book. ISBN 0-915463-73.3.
- 'Capitalism' world book Encyclopedia 1988.